

જીવન સરગમ

બિન્દુબેન કચરા

# આપણા સંબંધો સૌરભપૂર્ણ ક્યારે બને?

આપણા સંબંધો સૌરભપૂર્ણ ક્યારે બને? જ્યારે આપણા સ્વભાવમાં સરળતા હોય ત્યારે. એક કડવી બદામ બીજી સારી બદામનો સ્વાદ બગાડી નાખે છે. તેમ સ્વભાવમાં વણાઈ ગયેલા વાણી-વ્યવહાર સંબંધોની મીઠાશને નષ્ટ કરે છે. માણસે અન્ય પર પ્રભાવ પાડવા કરતાં પોતાનો સ્વભાવ બદલવા પર વિશેષ ધ્યાન આપવું જોઈએ. સારા દેખાવા કરતાં સારા થવું એ ખૂબ જ મહત્ત્વની બાબત છે. માણસ કેવળ સત્કારથી નહીં પણ સ્વભાવથી મહાનતાને પામે છે.

અમારી નીતુને વાદવિવાદમાં જીતી ન શકાય, કેમ? અરે એ વાદવિવાદ શરૂ થતાં પહેલાં જ કબૂલ કરી દે કે ભાઈ છોડો ને જીભાજોડી. તમારી વાત સાચી બસ, તમે જીત્યા હું હારી. નીતુ મહિલા મંડળની પ્રમુખ, જ્યારે કોઈ મીટિંગ થાય- કાર્યક્રમનું આયોજન કરવાનું હોય, વિચારણા થાય- શેની હરીફાઈ રાખીએ- ભજનની કે સુગમ સંગીતની તો તરત જ કહેશે તમને બધાંને જે યોગ્ય લાગે તે રાખો, બધી બહેનોમાંથી એક બહેને કહ્યું- ''નીતુબેન તમે પ્રમુખ છો, તમારો હક આ બધા નિર્ણય લેવાનો છે.''

તરત જ નીતુબેન બોલ્યા, '' છોડોને આ બધી હકની વાતો. આપણે તો બધાંએ સાથે રહીને કામ કરવાનું છે. વાદવિવાદ કરી વિખવાદ ઊભો કરવાથી શો ફાયદો? અંગત મતમતાંતર શા માટે? એવા મતભેદોને કારણે અંતે તો સંસ્થાને જ નુકસાન થવાનું છે.'' એમના આવા સાલસ સ્વભાવને લીધે બધા સભ્યો એમને સાથ આપે.

નીતુબેન ઘરમાં પણ એવા જ સરળ સ્વભાવનાં. સાસુજી જેમ કહે તેમ તેમની હા માં હા મિલાવે. પોતાનાં દીકરા-વહુ સાથે પણ સારો વ્યવહાર. એમને પૂરેપૂરી સ્વતંત્રતા. રવિવારે પણ જો ઘરમાં બેઠાં હોય તો કહે કેમ આજે બહાર ફરવા જવું નથી? જાઓ, ફ્રેશ થઈ આવો. એક વાર એમના દીકરા અમર અને વહુ અમીએ વેકેશનમાં તેમનાં બાળકો સાથે સિંગાપુર ફરવા જવાનું નક્કી કર્યું. નીતુબેન તો ખુશ ખુશ થઈ ગયાં. છોકરા-વહુ આખું વર્ષ કામ કરીને થાક્યાં હોય ફરી આવે, ચેન્જ મળે. પણ દાદીમાના ડોળા ચાર થયાં, કહેવા લાગ્યાં, ''વેકેશનમાં દીકરી- ભાણેજો આવશે, કેરીગાળો હોય, અથાણાં- પાપડની અને અનાજ ભરવાની સિઝન. ઘરમાં કામ જ કામ તેવા સમયે છોકરા-વહુ શું જોઈને બહારગામ ફરવા જવાનાં થઈ ગયાં? એક તો ખર્ચા કેટલા?'' નીતુબેનને ખીજવાઈને કહેવા લાગ્યા- ''તું શા માટે હા પાડે છે?'' નીતુબેનની સ્થિતિ સેન્ડવીચ જેવી થઈ ગઈ.

નીતુબેન સાસુજીને સમજાવીને કહેવા લાગ્યાં કે, ''કામ કરવાવાળી તો હું બેઠેલી છું. વ્યવહાર હું જાળવી લઈશ. છોકરા-વહુ છો ને જતાં. કમાય છે તો વાપરે પણ ખરાં ને? આજનો જમાનો ફરવાહરવાનો છે, મોજ-મસ્તીનો જમાનો છે. જમાના પ્રમાણે આપણે પણ ચાલવું પડે.'' આમ નીતુબેન જૂની પેઢી અને નવી પેઢી બંને વચ્ચે બિચારા સમતુલા જાળવી વાદવિવાદ ટાળી હંમેશાં ઘરમાં પણ સંવાદી વાતાવરણ સર્જી દે, બધાંને સાચવી લે.

ઘરમાં નણંદો આવે, કંઈ ઓછું પડે, સંભળાવી પણ જાય, ભાભી નીતુબેન પાસેથી નણંદો ખૂબ અપેક્ષા રાખે, વારતહેવારે નીતુબેન બધો જ વ્યવહાર કરતાં જ હોય છતાં નણંદો બોલતી જાય! ''હજુ અમારી મા બેઠી છે. ત્યાં સુધી આવીએ- જઈએ, માંગીએ પણ ખરાં!'' નીતુબેન સાંભળીને લડવા નહીં બેસે. શાંતિથી કહે- ''કોણ તમને રોકે છે? તમારા બાપનું અને માનું ઘર છે રહો ને શાંતિથી.''

પણ આ બધો તાલ દીકરા-દીકરી જુએ, તેમને ન ગમે. એક દિવસ દીકરા અમર અને દીકરી આનલ ફોઈઓ સામે પડી કહેવા લાગ્યાં, ''મારી મમ્મી આટલું બધું તમને સાચવે છે અને તમે મમ્મીને ગમેતેમ બોલી રડાવી જાવ તે કેમ ચલાવી લેવાય?''

તરત જ નીતુબેન વાતાવરણને હળવું બનાવતાં બોલ્યા કે, ''હોય! માવતર છે તો આટલી અપેક્ષા રાખે. એકબીજા સામસામે બોલ્યા કરવાથી વાત વધુ બગડે છે. ઘરની શાંતિ હણાય. ઊંચા મન રાખી જીવવાનો કોઈ અર્થ?'' તેઓ સૌને સમજાવતાં જીવન એટલે સુંદરતાની સાથે સાથે શુભત્વ અને શિવત્વની પરિશોધ, ભગવાને માણસનો ચહેરો, પ્રસન્ન રહેવાને રાખવા જ બનાવેલો છે. આપણે એકબીજાના દોષ જોઈને આપણા ચહેરાને કદરૂપો બનાવી દઈએ છીએ.

નીતુબેન બધાંમાં સારપ જ જુએ. તેઓ હંમેશ જતું કરવા માટે તત્પર! પતિ ધંધાના કામ માટે બેંગલોર ગયા. સાડીઓ લાવ્યા. નણંદોએ પહેલાં પસંદગી કરી લીધી. પછી જે બચી તે નીતુબેનની. બધાંને આનંદમાં રાખવા પોતાની ગમતી ચીજ પણ ધરી દે! આમ અસંતોષને તો ફરકવા જ ન દે. બસ જે મળ્યું તેમાં રાજી રાજી. સાસુસસરાની ચાકરી કરે. વહુ છોકરાં મૂકી બહાર જાય એને પણ સારી રીતે મસ્તીથી સાચવે, સૌ એમને માન આપે. પાડોશ માટે પણ તનમનથી ઘસાય જ્યારે જ્યારે કોઈને ત્યાં કંઈ ખૂટે નીતુબેનનો દરવાજો સદા ખુલ્લો.

છોકરા-વહુને આ બધું ન ગમે. તેઓ બોલે પણ નીતુબેન તરત જ કહે- ''આવી ક્ષુલ્લક બાબતમાં નાહક મનદુ:ખ કરવાનું શા માટે? સારામાઠે પ્રસંગે આડોશીપાડોશી જ કામ આવે છે ને?''

ઘણી વાર નીતુબેનના આવા ઉદાર અને સરળ સ્વભાવથી દીકરા-વહુ-દીકરી થાકે, અચાનક દાદાજી ગુજરી ગયા. દાદાજીના અવસાન પછી ફોઈઓને દાદીએ પોતાનો બધો દાગીનો આપી દીધો. ગામનું ઘર કાકાએ પચાવી પાડયું. આ બધું જોઈને કહેતાં, ''તારા સરળ સ્વભાવને લીધે કેટલું સહન કરવાનું- ગુમાવવાનું? આજ સુધી તે કેટલું સહન કર્યું, સહનશક્તિની પણ હદ હોય ને? તારું સન્માન નહીં જળવાય તો હવે અમે ચૂપ નથી રહેવાના.''

**તારા સરળ સ્વભાવને લીધે કેટલું સહન કરવાનું- ગુમાવવાનું? આજ સુધી તે કેટલું સહન કર્યું, સહનશક્તિની પણ હદ હોય ને? તારું સન્માન નહીં જળવાય તો હવે અમે ચૂપ નથી રહેવાના**

તો પણ નીતુબેન તો એવા ને એવા સરળ કહેવા લાગ્યા- ''જુઓ બેટા, દાદીએ વ્યવહાર ઉચિત નથી કર્યો એ હું કબૂલ કરું છું પરંતુ માને દીકરીઓ વહાલી હોય! તેથી એમને દાગીના આપી દીધા એમાં શું થઈ ગયું? મારા નસીબે તારા પપ્પાની સારી કમાણી છે, તે મને બધું જ અપાવે છે. એમના નસીબનું હશે તે વાપરશે. કોની સામે લડવું? આપણાં પોતીકા સાથે? ધનદોલત, સંપત્તિને બદલે સમાજમાં આપણું જે માન છે, આપણા સારા સ્વભાવ અને સંસ્કારને લીધે એ જ તો આપણી મૂડી છે. જીવનમાં એક વાત યાદ રાખો 'સમજણનો સંબંધ એ જ સાચો સેતુ બીજા બધા રાહુ અને કેતુ.'

તો વાચકમિત્રો! કોઈ પણ પ્રકારનાં દુ:ખના મૂળમાં આપણો ખુદનો સ્વભાવ, પરિગ્રહ અને આસક્તિ જ છે. આપણા સંબંધો ક્યારે વણસે... આપણા સ્વભાવમાં વાતે વાતે ગુસ્સો હોય, ક્રોધ હોય, અહમ હોય- આપણા સંબંધો ત્યારે સૌરભપૂર્ણ બને જ્યારે આપણા સ્વભાવમાં સરળતા હોય, સ્વભાવમાં આત્મીયતા હોય, પ્રેમભાવ હોય, ત્યારે... અહમને ઓગાળો ભૂલવાની કળામાં પારંગત બનો. વેરઝેર ત્યજી ભૂલોને ક્ષમા આપતાં શીખો. કોઈ અપમાન કરે તેને પકડી ન રાખો 'લેટ ગો કરવાની સ્પોર્ટસમેન સ્પિરિટ ધરાવવાથી જીવનમાં ઘણી રાહતની અનુભૂતિ થઈ શકે છે.

## સુવર્ણરજ

જે સમયે ક્રોધ ઉપજે તેમ હોય, તે વખતે તેનાં પરિણામોનો તમે વિચાર કરજો.
- કોન્ફ્યુશિયસ